# રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.

(A subsidiary company of Rajkot Municipal Corporation)

જાહેરખબર ક્રમાક:03/૨૦૨૦-૨૧

વોક ઇન ઇન્ટરવ્યુ

રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. (RSCDL) માટેનાયબ કાર્યપાલક ઇજનેરની ૦૧(એક) જગ્યા કરાર આધારીત ૧૧ માસનાં કરારથી ભરવા માટે તા. ૨૪/૦૭/૨૦૨૦, શુક્રવારનાં રોજ સવારનાં ૧૧:00 કલાકે કોન્ફરન્સ હોલ ,પ્રથમ માળે,સેન્ટ્રલ ઝોન,ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ,રાજકોટ મહાનગરપાલિકા,ખાતે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. જેથી સબંધિત લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારો એ જસ્વખર્ચે ઉપસ્થિત રહેવાજાણ કરવામાં આવે છે.

| Designation | Qualification | Experience | Monthly Remuneration | No of post. |
|---|---|---|---|---|
| Deputy Executive Engineer, (Severage,Water Supply) | Diploma in Civil or B.E. Civil | Drainage/Water Supply network / Pumping Station/STP/WTP Experience of Minimum 15 years required in this field. | Up to Rs.50,000/- | 1 |
| Age Limit Maximum 62 years | | | | |

ઉમેદવારોએ રાજકોટ મહાનગરપાલિકાની વેબ સાઇટ www.rmc.gov.in પરથી અરજી ફોર્મ તથા જાહેરાત સંબધિત અન્ય સુચનાઓ ડાઉનલોડ કરી અરજી ફોર્મ વોક ઇન ઇન્ટરવ્યુ સમયે લાયકાત સબંધી દસ્તાવેજોની સ્વપ્રમાણીત નકલ તેમજ અસલ પ્રમાણપત્રો સાથે લાવવાનાં રહેશે.

---

Sd----

મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.

# રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.

(A subsidiary company of Rajkot Municipal Corporation)

જાહેરખબર ક્રમાક:03/૨૦૨૦-૨૧

રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. ( RSCDL) માટે નાયબ કાર્યપાલક ઇજનેર(સીવરેજ ,વોટર સપ્લાય,)ની ૦૧(એક) જગ્યા કરાર આધારીત ૧૧ માસનાં કરારથી ભરવા માટે તા . ૨૪/૦૭/૨૦૨૦, શુક્રવારનાં રોજ સવારનાં ૧૧:00 કલાકે કોન્ફરન્સ હોલ, પ્રથમ માળે,સેન્ટ્રલ ઝોન કચેરી, ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ,રાજકોટ મહાનગરપાલિકા, ખાતે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. જેથી સબંધિત લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારો એ જ સ્વખર્ચે ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે.

| Designation | Qualification | Experience | Monthly Remuneration | No of post. |
|---|---|---|---|---|
| Deputy Executive Engineer, (Severage,Water Supply) | Diploma in Civil or B.E. Civil | Drainage/Water Supply network / Pumping Station/STP/WTP Experience of Minimum 15 years required in this field. | Up to Rs.50,000/- | 1 |
| Age Limit Maximum 62 years | | | | |

:-ઉપરોક્ત જગ્યા માટે અરજીફોર્મ ભરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ-:

૧.નિયત લાયકાત ધરાવતા ઉમેદવારે અરજી ફોર્મમાંસ્વહસ્તે વિગતો ભરીને વોક ઇન ઇન્ટરવ્યુ સમયે જરૂરી આધાર પુરાવા(પ્રમાણપત્રોની સ્વ પ્રમાણિત નકલ) સાથેજમા કરાવવાનું રહેશેતથાઓરીઝનલ આધાર પુરાવા (પ્રમાણપત્રો) વોક ઇન ઇન્ટરવ્યુ સમયે ચકાસણી માટે રજુ કરવાનાં રહેશે. ચકાસણી દરમ્યાન નિયત લાયકાત ન ધરાવતા ઉમેદવારોનાં અરજીફોર્મરદ્દબાતલ ગણવામાં આવશે.

૨. ઉંમર , શૈક્ષણિક લાયકાત તથા અનુભવ વોક ઇન ઇન્ટરવ્યુની તારીખનાં રોજ ગણવામાં આવશેતેમજ તેના આધાર પુરાવા તરીકે અરજી ફોર્મ સાથે સ્વપ્રમાણિત નકલ જોડવાની રહેશે.

3. જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અનુભવનાં પુરાવા તરીકે ઉમેદવારે જે તે માન્ય સંસ્થાનું ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથા તારીખ સહિતનું જ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઇન્ટમેન્ટ લેટર અનુભવનાં પુરાવા તરીકે અમાન્ય ગણાશે. પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના હુકમ,પગાર સબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી ,તેની પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવામાં આવશે. અનુભવ બાબતે વિસંગતતા જણાશે તેવા કિસ્સામાં અનુભવ માન્ય/અમાન્ય ગણવા અંગે ચેરમેનશ્રી,રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લીનો નિર્ણય આખરી ગણાશે.

૪. ઉમેદવારે વેબસાઇટ (www.rmc.gov.in) પરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી અરજી ફોર્મમાં દર્શાવેલ વિગતો સ્વહસ્તે ભરવાની રહેશે. જેમા પાછળથી કોઇપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવાશે નહી.

૫. ઉમેદવારે અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર તથા ઇ-મેઇલએડ્રેસ લખવા અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી સંબધિત સંદેશા આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબરતથા ઇ-મેઇલ એડ્રેસ લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશો ન પહોંચે તે અંગે રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. નીકોઇ જવાબદારી રહેશે નહી.

૬. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારો સાથે કોઇ જ લેખીત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટwww.rmc.gov.inજોતા રહેવા વિનંતી છે.

૭. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન સર્ટીફીકેટરજુ કરવાનું રહેશે.

૮. વિવાહિત મહિલા ઉમેદવાર જો તેમના નામની પાછળ પિતાને બદલે પતિના નામ સાથે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.

૯. ઉમેદવારોએ વોક ઇન ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૧૦. કોઇપણ ઉમેદવારની પસંદગી કરવા કે ન કરવા તે માટેનાં અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લીની સ્ટાફ સીલેક્શન કમિટી પાસે અબાધિત રહેશે અને આ કમિટીનો નિર્ણય આખરી રહેશે.

૧૧. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક ચેરમેનશ્રી, રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૨. ઉમેદવારે વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી અરજી ફોર્મમાં ભરેલ વિગતોમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી તાત્કાલિક અસરથી રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત,વય,જાતિ,અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો પણ તાત્કાલિક અસરથી નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૧૩. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિનાં સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૧૪. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો ચેરમેનશ્રી, રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. ને સંપુર્ણ

હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૧૫. ઉક્ત દર્શાવેલ જગ્યા ઉપર ફીક્સ મહેનતાણું કરાર આધારિત નિમણુંક પામનાર ઉમેદવારનેરાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા નક્કી કરવામાં આવેલ બોલીઓ અને શરતોને આધિન કરાર/બોન્ડ કરવાનો રહેશે.

---Sd----

મુખ્ય કારોબારી અધિકારી

રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.

# રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.

(A subsidiary company of Rajkot Municipal Corporation)

ડો. આંબેડકર ભવન‘ ઢેબરભાઈ રોડ , રાજકોટ– ૩૬૦૦૦૧

Smart City
MISSION TRANSFORM-NATION

| | |
|---|---|
| જગ્યાનું નામ : ________________________________ | ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોંટાડી તેના પર સહી કરવી |

| ઉમેદવારનું પુરૂ નામ: | નામ | પિતા/પતિનું નામ | અટક |
|---|---|---|---|
| | | | |

| પત્ર વ્યવહારનું પુરૂ સરનામું : | હાલનું સરનામું | કાયમી સરનામું |
|---|---|---|
| | | |
| | | |
| | | |

| | | | |
|---|---|---|---|
| ગામ / શહેર: | | પીન કોડ: | |
| ફોન નં : | | ઓફીસ: | |
| ઈ મેઈલ: | | મોબાઈલ નં: | |

| જન્મ તારીખ: | તારીખ | માસ | વર્ષ | જન્મ તારીખ શબ્દોમાં: |
|---|---|---|---|---|
| | | | | |

શૈક્ષણિક લાયકાત :

| ક્રમ. | પાસ કરેલ પરીક્ષા (SSC થી શરૂ કરીને) | બોર્ડ/યુનિવર્સિટીનું નામ | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

અનુભવની વિગત :

| ક્રમ. | સંસ્થા/કંપનીનું નામ સરનામું | હોદ્દો | પગાર ધોરણ રૂ. | અનુભવનો સમયગાળો ( ક્યાથી કયા સુધી ) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| અન્ય વિગતો | | | | |

: સોગંદનામુ :

આથી હું એકરાર કરું છું કે, મે ઉપર જણાવેલ તમામ વિગતો તદ્દન સાચી અને સંપુર્ણ છે. જો તે ખોટી જણાય તો મારી ઉમેદવારી રદ્દ થવા પાત્ર છે અને રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.દ્વારા નિયમાનુસાર મારી સામે જે પગલા લેવાય તે મને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે. રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.નાં પ્રવર્તમાન અને વખતો-વખત થનાર તમામ નિયમોનું પાલન કરવા હું આથી લેખીત બાહેંધરી આપું છું

તારીખ: ____________________ ઉમેદવારની સહી:_________________

સ્થળ : ______________________ ઉમેદવારનું નામ : ________________

**નોંધ:આ અરજી ફોર્મ રજુ કરતી વખતે ઉમર,શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા અન્ય પ્રમાણપત્રોસ્વ પ્રમાણીત નકલ સાથે સામેલ રાખવા.**